# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૩૧/૧૦/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **ભારતીય જનતા પાર્ટી "ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન" દ્વારા જન જન સુધી પહોંચશે**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આજરોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં સંબોધન કરતા પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર એ જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ થી ૨૨ વર્ષ દરમિયાન ભારતીય જનતા પાર્ટીની સરકાર દરમિયાન તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, શ્રીમતી આનંદીબેન પટેલ તથા હાલના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ ગુજરાતમાં જે વિકાસની હરણફાળ ભરી છે એ ખરેખર ગૌરવની વાત છે. એવું અમે માનીએ છીએ અને એટલા માટે "ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાન" નામ આપીને જન જન સુધી પહોંચવાના છીએ. જેમાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય શ્રી અમિતભાઈ શાહ તા. ૭ નવેમ્બરના રોજ સુરત ખાતે આવીને કાર્યકરોને માર્ગદર્શન આપશે. આ યાત્રા તા. ૭ નવેમ્બર થી તા. ૧૨ નવેમ્બર સુધી સમગ્ર ગુજરાતમાં ફરીને વિકાસ ગાથા વર્ણવશે. જેમાં રાષ્ટ્રીય નેતાઓ પ્રદેશના અગ્રણીઓ ભાગ લેશે.

આજની પત્રકાર પરીષદમાં સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, શહેર મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા અને શ્રી કિશોરભાઈ બિંદલ, સાંસદ શ્રી સી.આર. પાટીલ, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા સહિત શહેર હોદ્દેદારશ્રીઓ હાજર રહ્યા હતા.